સ્વ. ધર્માનુરાગી પૂજ્ય



શ્રી રામજી વેલજી વીરાણી

પૂ. શ્રી. લાલચંદજી મહારાજ, બીચન, પૂ. આચાર્ય શ્રી હર્ષચંદજી મહારાજ સાહેબ પાસે જ્ઞાનાભ્યાસ અર્થે ગયા છે. તાને પિતાશ્રીની આજ્ઞા, દીક્ષા માટે મળે તેમ નથી અને દીક્ષા લેવી જ છે. આજ્ઞા વિના કોઈ સાધુ મુનિરાજ દીક્ષા આપશે કે અને સ્વયમેવ દીક્ષા સૌરાષ્ટ્રમાં લઈને આચાર્ય શ્રી ગૌતમજી મહારાજ પાસે જવામાં ઘણાં વિઘ્ન થાશે એમ રીને તેઓએ દૂર રાજસ્થાનમાં ચાલ્યા જવાનું નક્કી કર્યું.

તા. ૨૪-૫-૫૭ સાં. ૨૦૧૩ ના વૈશાખ વદ ૧૦ ને શુક્ર-ના રોજ સાંજના, માતુશ્રી સાથે છેલ્લું જમણ કર્યું. ભોજન કે માતુશ્રી સામાયિકમાં બેસી ગયાં. તે વખતે કોઈને જાણ કર્યા ર દીક્ષાનાં વિઘ્નોમાંથી બચવા માટે ઘર, કુટુંબ, સૌરાષ્ટ્ર ભૂમિ ને ગોંડલ સંપ્રદાયનો ત્યાગ કરી તેઓ બીચન તરફ ના થયા.

શ્રી વિનોદમુનિના નિવેદન પરથી માલૂમ પડ્યું કે તા. -૫-૫૭ ના રોજ રાત્રે આઠ વાગ્યે ઘેરથી નીકળી રાજકોટ શને જોધપુરની ટીકીટ લીધી. તા. ૨૫-૫-૫૭ ના સવારે ૮ યે સાકુસાણા પહોંચ્યા ત્યાં ગાડી કલાક ગાડી પડી રહે છે તે મયાન ગામમાં જઈને લોચ કરવા માટેના વાળ રાખીને બાકીના વી નાખ્યા અને ગાડીમાં બેસી ગયા, મારવાડ જંકશન તથા યપુર જંકશન થઈને તા. ૨૬-૫-૫૭ ની વહેલી સવારે ૪ાા ગ્યે ફૂલેરા પહોંચ્યા, ત્યાંથી પગે ચાલીને બીચન ઉપાશ્રયમાં હોંચ્યા અને ઉપાશ્રયમાં બિરાજતા મુનિવરોનાં દર્શન કર્યાં. દણા નમસ્કાર કરી સુખશાતા પૂછી બહાર નીકળ્યા અને તાનાં સામાયિકનાં કપડાં પહેર્યાં અને પછી પૂજ્ય શ્રી સંતોની

ારા સલામતા માટે તમારે જાહેર નિવેદન બહાર પાડવાની
છે” ત્યારે શ્રી વિનોદમુનિએ પોતાના હસ્તાક્ષરે નિવેદન
ંઘ સમક્ષ પ્રગટ કર્યું તેનો સાર નીચે મુજબ છે :—

મારા માતા-પિતા મોહને વશ થઈને દીક્ષાની આજ્ઞા આપે
ા હતું અને “ અસંખયં જીવિય મા પમાયએ ” ને
ઃ એક ક્ષણ પણ દીક્ષાથી વંચિત રહી શકું તેમ નથી એમ
લાગ્યું. શ્રી લાલચંદજી મહારાજ સાહેબ-વગેરેએ મારી
માટે વિચારી પછી કરવાનું કહેલ પરંતુ મને સમય માત્રનો
કરવો ઠીક ન લાગ્યો તેથી શ્રી અરિહંત ભગવંતો તથા
સિદ્ધ ભગવંતોની સાક્ષીએ મારા ગુરુ મહારાજ સમક્ષ
ર્યનો પાઠ ભણીને મારા આત્માના કલ્યાણ માટે દીક્ષા
કાર કરી છે. સમાજને ખોટો ખ્યાલ ન આવે કે મારી દીક્ષા
ઃ જુસ્સાથી અગર ગેરસમજથી થઈ છે તેથી તથા સમાજમાં
ાાસનની પ્રભાવના થાય તે હેતુથી મારે મારો વૃતાંત પ્રગટ
ઉચિત છે.

ઉત્તરાધ્યયનજી સૂત્રના ૧૯ મા અધ્યયન પરથી મને લાગ્યું
ુષ્ય-જીવનનુ ખરૂં કર્તવ્ય, મોક્ષફળ આપનારી દીક્ષા જ છે.

છેવટ સુધી મેં મારા બાપુજી પાસે દીક્ષા માટે આજ્ઞા
ા અને તે વખતે પણ પહેલાંની જેમ વાત ઉડાવી દીધી અને
ત ઉપકારી એવા મારા બાપુજી સમક્ષ હું તેમને કડક
માં પણ કહી શકતો નહીં અને બીજી બાજુથી મને થયું કે
ષ્ય અશાશ્વત છે અને આવા ઉત્તમ કાર્ય માટે મારે જરાપણ
ઃ કરવો ઉચિત નથી તેથી મેં વિચારીને આ પગલું ભર્યું

સ્વ. ધર્માનુરાગી પૂજ્ય



માતુશ્રી શ્રી કડવીબાઈ વીરાણી

તા. ૨૮–૫–૫૭ ના રોજ જવાબ આવ્યો કે શ્રી
ઠભાઈએ ખીચનમાં સ્વયમેવ દીક્ષા ગ્રહણ કરી છે. એટલે
ા પિતાશ્રીએ રાવબહાદુર શ્રી એમ. પી. સાહેબ, શ્રી
લાલભાઈ પારેખ અને પંડિતજી પૂર્ણચંદ્રજી દક એમ ત્રણેયને
વેનોદકુમારને પાછા તેડી લાવવા માટે ખીચન મોકલ્યા. તા.
૫–૫૭ ના રોજ રવાના થઈ તા. ૩૦–૫–૫૭ ના રોજ સવારે
ડી સ્ટેશને પહોંચ્યા. બેલગાડીમાં તેઓ ખીચન ગયા કે જ્યાં
ર મુનિશ્રી શીરેમલજી મહારાજ તથા પૂજ્ય પંડિતરત્ન,
ાવિશારદ શ્રી સમર્થમલજી મહારાજ આદિ ઠાણા ૮ તથા
૫ તપસ્વીજી મહારાજ શ્રી લાલચંદજી મહારાજ આદિ ઠાણા
બિરાજતા હતા. કુલ સાધુ–સાધ્વીની સંખ્યા અઠ્ઠાવીસથી
ની હતી.

પૂછપરછના જવાબમાં શ્રી વિનોદમુનિએ કેશવલાલભાઈ
બને કહ્યું કે "મેં તો દીક્ષા અંગીકાર કરી લીધી છે. તેમાં
ફેરફાર થાય તેમ નથી. તમો અમારા વીરાણી કુટુંબના
તૈષી છો અને જો સાચા હિતૈષી હો તો મારા પૂ. બા અને
પુજીને સમજાવીને મારી હવે પછીની મોટી દીક્ષાની આજ્ઞા
વાડીઆની અંદર અપાવી દીઓ, એટલું જ નહીં પણ "સવિ
વ કરૂં શાસન રસી "ની ભાવનામાં અને આજ દિવસ સુધીના
રી ઉપરના ઉપકારના બદલામાં આગમને અનુલક્ષીને મારી
વના એ હોય જ અને છે કે, મારી દીક્ષા, તેઓની દીક્ષાનું
મિત્ત બને અને મારા માતા–પિતા સદ્‌ગતિને સાધે અર્થાત્
ારી સાથે દીક્ષા લીએ.

આવા દૃઢ જવાબના પરિણામે તે જ સમયે શ્રી 'વિનોદકુમાર'
છા લઈ જવાની ભાવનાને નિષ્ફળતા સાંપડી અને તા. ૩૧–૫–

૫૭ ની રાત્રિના સવાના ... ના. ૨-૬-૫૭ ના રાત્રે
પરીષહરૂપ ક્ષેત્રનો અનુભવ કરી. શ્રી વિનોદકુમારના પિ
તમામ વાતથી વાકેફ કર્યા.

થોડા વખત બાદ, બીકાનેરના સંઘે પૂ. શ્રી લક્ષ્મ
મહારાજને બીકાનેરમાં ચોમાસું કરવાની વિનંતી કરી.
અસ્વીકાર થવાથી સંઘ ગમગીન બન્યો. એટલે નિર્ણય
અને અષાડ શુદ ૧૩ ના રોજ બીકાનેરથી વિહાર કરી
આવ્યા.

દીક્ષા પછી અઢી મહિનાને આંતરે, ફલોદીમાં ર
દરમ્યાન, શ્રી વિનોદમુનિને હાજતે જવાની સંજ્ઞા થઈ
માટે જવા તૈયાર થયા એટલે તેમના ગુરુએ કહ્યું કે બહુ
છે, જરાવાર થોભી જાઓ એટલે શ્રી વિનોદમુનિએ
વગેરેની પ્રતિલેખના કરી. દરમ્યાન ન રોકી શકાય એવી
લાગી તેથી ફરી આજ્ઞા માગતાં જણાવ્યું કે મને હાજ
લાગી છે તેથી જાઉં છું. જલદી પાછો ફરીશ. કાળની
ગતિને દુઃખદ રચના રચવી હતી. આજે જ હાજતે એ
જવાનો બનાવ હતો. હમેશાં તો બધા સાધુઓ સાથે મ
દિશાએ જતા.

હાજતથી મોકળા થઈ પાછા ફરતાં ત્યાં રેલ્વે લાઈન
બે ગાયો આવી રહી હતી. બીજી બાજુથી ટ્રેઇન પણ આવી
હતી તેની વ્હીસલ વાગતાં છતાં પણ ગાયો ખસતી ન
શ્રી વિનોદમુનીનું

અને મહા અનુકંપાએ મુનિના હૃદયમાં
થરી ઊઠયું અને મહા અનુકંપાએ જોખમની પરવા કર્યા
ાધું. હાથમાં રજોહરણ લઇ જાનના જોખમની પરવા કર્યા
ાયોને બચાવવા ગયા. ગાયોને તો બચાવી જ લીધી,
આ ક્રિયામાં છકાય જીવની દયાના સાધનભૂત રજોહરણ કે
ોદમુનિને આત્માથી વધારે પ્યારો હતો તે રેલ્વે લાઇન
પડી ગયો અને શ્રી વિનોદમુનિએ તે પાછો સંપાદન
માં જડવાદને સિધ્ધ કરતા રાક્ષસી એન્જીનને ઝપાટે આવ્યા
પોતાનું બલિદાન આપ્યું. અરિહંત...અરિહંત...એવા
દા મુખથી નીકળ્યા અને શરીર તૂટી પડયું. રકત પ્રવાહ છૂટી
ાયો અને થોડાજ વખતમાં પ્રાણાંત થઇ ગયો. બધા લોકો
કવા લાગ્યા કે ગૌરક્ષામાં મુનિશ્રીએ પ્રાણ આપ્યા. અંતિમ
મયે મુનિશ્રીના ચહેરાપર ભવ્ય શાન્તિ જ દેખાતી હતી.

હમેશાં તેઓ જે તરફ હાજતે જતા હતા તે તરફ ફલોદીથી
ાકરણ તરફ જવાની રેલ્વે લાઇન હતી. આ લાઇન ઉપર રેલ્વે
ાત્તાવાળાઓએ ફાટક મૂકેલ નથી અને ત્યાં રસ્તો પણ છે એટલે
ાશુઓની અવરજવર હોય જ છે અને વખતો વખત ત્યાં ઢારો,
ાલ્વેની હડફેટે ચડી જવાના પ્રસંગ બને છે.

ફલોદી સંઘે આ દુર્ઘટનાના ખબર રાજકોટ ટેલીફોનથી
આપ્યા. જે વખતે ટેલિફોન આવ્યો તે વખતે પિતાશ્રી બહાર
ાગયા હતા અને માતુશ્રી મણિબેન સામાયિક-પ્રતિક્રમણમાં બેઠાં
હતાં. માત્ર એક નોકર ઘરમાં હતો કે જેણે ટેલિફોન ઉઠાવ્યો પણ
તે કાંઈ ટેલિફોનમાં હકીકત સમજી શકયો નહીં અને સાર
સમાચાર મોડા મળ્યા. સ્પેશિઅલ પ્લેઇનથી ફલોદી પહોંચે.

[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
માતા-પિતાના સાંત્વન [illegible] [illegible] [illegible]
સાર આ પ્રમાણે છે.

"હવે તો એ રત્ન ચાલ્યું ગયું! સમાજ
દીપક ઓલવાઈ ગયો! ઝટ ઊગી ને આથમી ગયો
દીપ ફરીથી આવી શકે તેમ નથી." શ્રી વિનોદમુ
પક્ષનાં માતુશ્રી મણિબેનને મુનિશ્રીએ કહ્યું કે:-
પ્રબળ છે. આ બાબતમાં મહાપુરુષોએ પણ હાથ
છે અને સૌને મરણને શરણ થવું પડે છે, તો
જેવા પામર પ્રાણીનું શું ગજું છે? હવે તો શે
આપણે એમના મૃત્યુનો આ [illegible]
રહી."

પૂ. શ્રી સમર્થમલજી મહારાજ સાહેબનો અભિપ્રાયઃ-

પ્રાથમિક તેમ જ અલ્પકાળના પરિચયથી મને શ્રી
ાદમુનિના વિષે અનુભવ થયો કે તેમની ધર્મપ્રિયતા અને
ભિલાષા 'અટ્ટિમિંજા પેમાણુરાગરત્તે' નો પરિચય કરાવતી
. પ્રાસ સાંસારિક પ્રચૂર વૈભવ તરફ તેમની રુચિ દૃષ્ટિગોચર
ન હતી, પરંતુ તેઓ વીતરાગવાણીના સંસર્ગથી વિષય
ખ, ધર્મકાર્યમાં સદા તત્પર અને તલ્લીન દેખાતા હતા.
પરિચયના અભાવે પણ તેમની વૈરાગ્ય ધારાથી તેમની
નુરાગીતા તથા જીવનચર્યાથી કઠિન કાર્ય કરવામાં પણ
રાટના સ્થાને સુખાનુભવની વૃત્તિ લક્ષમાં આવતી હતી.

હવે,

શ્રી વિનોદમુનિના જીવનના બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે
ા ખુલાસો કરવામાં આવે છે.

પ્ર. ૧. તેમણે આજ્ઞા વગર સ્વયમેવ દીક્ષા કેમ લીધી ?

ઉત્તરઃ- પાંચમા આરાના ભદ્રા શેઠાણીના પુત્ર એવંતા
તિ સુકત) કુમારને તેની માતુશ્રીએ દીક્ષાની આજ્ઞા આપવાની
ત ના પાડી એટલે તેણે સ્વયમેવ દીક્ષા લીધી. ત્યારબાદ ભદ્રા
ણીએ પોતાના કુમારને ગુરુને સોંપી દીધા. તેજ રાત્રે તેણે
મી ભિખ્ખુની પડિમા અંગીકાર કરી અને શિયાળણીના

ાણાનુભાવો,

નીચેનાં ધર્મકરણી કરવામાં ઉપયોગી ધાર્મિક પુસ્તકો ને ઉપકરણો પડતર કિંમત કરતાં અર્ધી કિંમતે આપવામાં ાવે છે તો જેઓને જરૂરત હોય તેમણે નીચે બતાવેલ સ્થળેથી ળવી લેવાં અગર પોસ્ટથી મંગાવી લેવાં.

(પોસ્ટેજ ખર્ચ અલગ થશે.)

વિગત	પડતર કિંમત	અર્ધી કિંમત
શ્રી જૈન તત્ત્વપ્રકાશ	૬-૦-૦	૩- ૦-૦
શ્રી જૈન જ્ઞાનસાગર	૩-૦-૦	૧- ૮-૦
સમ્યગ્દર્શન અને અધ્યાત્મ જ્ઞાન	૪-૦-૦	૨- ૦-૦
મહામંત્ર આરાધના, શ્રુતજ્ઞાન-પ્રશ્નોત્તરી અને તત્ત્વ સંગ્રહ	૪-૦-૦	૨- ૦-૦
શ્રી ધર્મધ્યાન અને સજ્ઝાયમાળા	૩-૮-૦	૧-૧૨-૦
બૃહદ્ થોક સંગ્રહ	૩-૦-૦	૧- ૮-૦
અતિમુક્ત બા. બ્ર. શ્રી વિનોદમુનિનું જીવન ચરિત્ર (બીજી આવૃત્તિ) ગુજરાતી	૨-૮-૦	૧- ૪-૦
અતિમુક્ત બા. બ્ર. શ્રી વિનોદમુનિનું જીવન ચરિત્ર - હિન્દી	૨-૮-૦	૧- ૪-૦
શ્રી દંડકાવ બોધ ગ્રંથ	૩-૦-૦	૧- ૮ ૦

વિગત	પડતર કિંમત	અર્ધી કિંમત
શ્રી સિદ્ધિનાં સોપાન	૧-૮-૦	૦-૧૨-૦
શ્રી નવતત્ત્વ અને જીવવિચાર	૦-૮-૦	૦-૪-૦
શ્રી પ્રતિક્રમણ સૂત્ર	૦-૬-૦	૦-૩-૦
ભાવના શતક તથા કર્મ અને આત્માનો સંયોગ	૦-૮-૦	૦-૪-૦
શ્રી સામાયિક સૂત્ર	૦-૧-૬	૦-૦[illegible]
ગુચ્છા ઊનના	૩-૪-૦	૧-૧૦-૦
કટાસણું ઊનનું	૨-૮-૦	૧-૪-૦
માળા (નવકારવાળી) સુખડની	૧-૦-૦	૦-૮-૦
પુસ્તકો મૂકવા માટે લાકડાના સાપડા	૧-૦-૦	૦-૮-૦

સ્થળ :
દિવાનપરા શેરી નં. ૬
રાજકોટ.

શ્રી શામજી વેલજી વીરાણી અને
શ્રી કડવીબાઇ વીરાણી સ્મારક ટ્રસ્ટ

પંડિત રત્ન બા. બ્ર. સ્વ. મુનિશ્રી પ્રાણલાલજી
મહારાજ સાહેબ

વ્યાખ્યાનના પ્રારંભમાં પ્રકશાતા હતા તે કાવ્ય.

— સ્રગ્ધરા વૃત્ત. —

જે શ્રી તીર્થંકરોના, અનુપ અતિશયે, નીકળી કંઠદ્વારા
સૌમ્યા સંપૂર્ણસત્યા, વદન વિવરની, પુષ્કરાવર્તધારા;
શોભે સ્યાદ્વાદરૂપે, મધુર મૃદુ અતિ, ભવ્યને તારનારી
એવી વાણી જિનોની, પરમહિતકારી, વિશ્વ આહ્લાદકારી.

આજે દુઃખાર્ત આરે, વિષમ સમયમાં એક આધાર તારો,
બાકી કલ્પિત ભાખે, નિજમતિ વચને, એજ રસ્તો નઠારો;
તારી સુશાંત વાણી, સકલ ભય હરે, એજ મૂખેં ઉત્થાપે,
તારી આજ્ઞા અમોને, અતુલ સુખ કરે સઘ સંસાર કાપે.

મારા પરમ ઉપકારી, ધર્મ હેતુભૂત પરમ પૂજ્ય શાસન ભૂષણ મહારાજશ્રી ૧૦૦૮ બાલબ્રહ્મચારી પંડિત રત્ન, મહા પ્રભાવશાળી પ્રખર તત્ત્વજ્ઞાની ઓજસ્વી મહાન આત્મા

મુનિશ્રી પ્રાણલાલજી સ્વામીને

મારા અંતઃકરણના શુદ્ધ ભાવથી કોટી કોટી વંદન હોજો

શાન્તિ !! શાન્તિ !!!

ગુણાનુરાગી,
દુર્લભજી શામજી વીરાણી





સ્મરણાંજલિ



"असंखयं जीविय मा पमायए"

પોતાના હૃદયની ચિરંતન પ્રકાશતી
ધર્મ શાંત જ્યોતે
અમારા જીવનમાં પણ ધર્મના તેજ પાથરનાર
સ્વ.પૂ.પિતાશ્રી

શામજી વેલજી વીરાણી

તેમજ
સ્વ. પૂ. માતુશ્રી.

કડવીબાઈ વીરાણી

અને
જન્મથીજ ધર્મના રંગે રંગાયેલા
સ્વ.બા.બ્ર. **વિનોદમુનિશ્રી** ને

ભાવના શતક
તથા
કર્મ અને આત્માનો સંયોગ
ગ્રંથ સમર્પણ
લિ. દુલાભજી શામજી વીરાણી-
ના વંદન





શ્રી સર્વજ્ઞાય નમઃ

ભારત ભૂષણ શતાવધાની સદ્ગત પંડિત મહારાજ શ્રી રત્નચંદ્રજી વિરચિત સંસ્કૃત ભાવના શતકનો ગુજરાતી અનુવાદ.

અનુવાદક :—મગનલાલ મોતીચંદ શાહ

રાગ—હરિગીત.

મંગળાચરણ.

વલ્લભ વિશ્વના, વળી કલ્પવૃક્ષ સરખા સદા,
ઇંદ્રો વડે પૂજિત વીરજિન, ચરણમાં નમી સર્વદા;
અજરામરજી ગુરુ શ્રેષ્ઠ પદનું, હૃદયથી સ્મરણ કરૂં,
ભવિ જીવના ભવનાશ બોધક, "ભાવના શતક"રચું. ૧

(૧) પહેલી અનિત્ય ભાવના.

લક્ષ્મીની ચંચળતા.

જગ મોહ રૂપક લક્ષ્મી, દીપ જ્યોતિ કંપ સમ જાણવી,
શું જોઈને ખુશી થાય મનમાં, મારી માની મૂઢ મતિ!
પુણ્ય નાશે નાશ જેનો, શરીર નાશે જ નાશ છે,
બંને પ્રકારે આજ ભવમાં વિલય તેનો સત્ય છે. ૨

...વનની અસ્થિરતા.

...લું વૃદ્ધપણાથી, અંગ જેનું જોઇને,
...ર્ વચનો બોલતો, અજ્ઞાનમાં ઘેરાઈને;
...ુ તારી આ દશાનો, કાળ આવી પહોંચશે,
...સમું યૌવન તારૂં, નાશ પામે શું થશે? ૮

સર્વ વસ્તુઓની અસ્થિરતા.

...હવેલી અતુલ બળને, સુંદરી સહ શોભતા,
...ને ગજરથ ઘણા, વળી અશ્વ સાથે ઓપતા;
...ર્ત થયેલા એક સમયે, સંગ તારો છોડશે;
...ણ વખતે મૂઢ! તારૂં, કોઈ નથી એમ બોલશે. ૯

(૨) બીજી અશરણ ભાવના.

લક્ષ્મીની અસ્થિરતા.

જિન શુભાષિત પરમ સુખરૂપ, સદ્ધર્મને જેણે તજ્યો,
ધિક્કાર છે એ જીવનને જે, સુખ સમાધિ નવ ભજ્યો;
...દેશ ભટકી લક્ષ્મીને, અન્યાયથી ભેગી કરી,
...ુ મૃત્યુ સમયે રક્ષવાને, શક્તિમાન શું એ બની? ૧૦

...ી પણ શરણ રૂપ નથી.

પ્રાણથી પણ વિશેષ વહાલી, પ્રિયતમાને માનતો,
...ાર્ય પાપની ગણના કદી, તે માટે તું નવ રાખતો;
...હચરી જે, સ્વાર્થ પ્રેમ બતાવતી,
...ર્થ છૂટયે, તને છોડી ચાલી જતી,

અશરણ ભાવનાનું દૃષ્ટાંત.

ર અને સુરમ્ય વનમાં, હરણીઆં સુખથી ફરે,
કાળ સિંહના મુખમાં જો, એક મૃગ આવી પડે
યં રક્ષણ કારણે જેમ, બીજાં મૃગો નાસી જાયે
મૃત્યુ સમયે તેમ તારાં, સગાં છોડીને જાયે

ભાઇઓ પણ બચાવી શકતા નથી.

ધુ તણા સુખ કારણે, ધન મેળવ્યું દીનને દમી,
કપટ રચના કરી પ્રભુતા. મેળવી જગને ઠગી;
પણ કર્યું બંધુજનોનું, પ્રેમથી મારા ગણી,
રકે જતાં શું ? મુકાવશે, તે કેમ વિચાર્યું નહીં ?

પુત્ર પણ બચાવી શકતા નથી.

જ પુત્ર માટે દુઃખ ખમીને. લક્ષ્મીનો ઢગલો કર્યો,
વ–આત્મહિત છેડી કરી, પુણ્ય પાપનો ભેદ નહિ ધર્યો;
? પુત્ર માટે પાપથી તેં ધૂળમાં માથું ધર્યું,
રકે જતાં તે તનુજોએ, શું તારું રક્ષણ કર્યું ? ૧

એક મુનિની અનાથતા.

જેને હતું અતિ વિપુલ ધનને, ગાય ઘોડા હાથીઓ,
મ્ય રમણી, બંધુ, માતા, પિતા, મિત્રને સાથીઓ;
એવા અનાથી મુનિની કોઇ, આંખ પીડા ન ટાળી શક્યું,
કોટિપતિ અનાથ જ્યારે, સું ગજું પામર તણું ?

છેવટે સ્મશાન એજ શરણ છે.

પૃથ્વી ઉપર નૃપતિ થયો, ને ખમ્મા કહેતા ચાકરો,
અમૂલ્ય આભૂષણ મળ્યાં, ને સુંદરી–સુખ માણતો;
આ સર્વ સુખના ભોગને તું, પુણ્ય યોગે ભોગવે,
ણ સમયે સર્વ નાશે, શરણ સ્મશાન સંભવે. ૧

ખરૂં શરણ કોનું ?

ણા સંસારમાં, દુઃખો થકી પીડાય છે!
મરણના દુઃખમાં, રક્ષણ શાથી થાય છે?
રેન્દ્રો ને નરેન્દ્રો, દ્રવ્યથી શું સુખી હતાં?
હિ પણ સુખનું કારણ, ધર્મ જાણો. સર્વદા. ૧૭

(૩) સંસાર ભાવના.

કર્મની પ્રબળતા.

શ્વમાં જીવો ઘણા, અવ્રતી રહીને આથડે,
મરણ ને જરાપણાનાં, સંકટો બહુ ભોગવે;
લોક માંહે પ્રતિ પ્રદેશે, અસંખ્ય કાળ ગુમાવિયો,
યના કારણે જીવ ભવાબ્ધિ પાર ન પામિયો. ૧૮

નરક આદિ ગતિનું દુઃખ.

ખમ્યાં દુઃખો ઘણાં, થઇ નારકી તે ક્ષેત્રનાં,
તાદિ વેદન પ્રતિ સમયે, ભોગવ્યાની નહિ મણા;
જીભથી ગણવા થકી, આ દુઃખ કાંઇ ગણાય છે?
વા અનંતા દુઃખ તો, આ જીવથીજ ખમાય છે. ૧૯

જન્મની વિચિત્રતા.

ભાગ્ય યોગે સુરપતિ, અને નરપતિ પણ આ થયો,
ડાલ, નટ થઈ નીચ કુળમાં, પાપ યોગે અવતર્યો;
ાનવપણું પામી વળી, તિર્યંચ યોનિમાં પડ્યો,
ચિત્ર આ સંસારમાં, ભવભ્રમણ પાર નહીં રહ્યો. ૨૦

સગપણની વિચિત્રતા.

પિતાપણું થયું પ્રાપ્ત તુજને, તેજ પુત્ર પિતા હતો,
ભાર્યા રૂપે માતા હતી, સ્ત્રી પુત્રીનો સંબંધ હતો;

(૪) એકત્વ ભાવના.

આ જીવને ધર્મનું જ શરણ છે.

બંગલાને બાગ મારા, અશ્વશાળાનો ધણી,
ીન ચાકર નોકરને, વાહન ગજ રથનો વળી;
લેક થયો તું સર્વનો, જે નિજ માટે ભોગ્ય છે,
મરણ સમયે સર્વ નાશે, ધર્મ શરણજ યોગ્ય છે. ૨

અંતે નિઃસહાયતા.

ત્ય મુગ્ધ રમા તારી, ઘરમાંથી વોળાવસે,
ક ભાવે ભરી માતા, શેરી સુધીજ આવશે;
સ્વજનનો સમુદાય તો, સ્મશાનથીજ છૂટો થશે,
ટ સંગી શરીર તારૂં, અસહાય છોડીને જશે. ૨

સ્ત્રીનો સંબંધ પણ સ્વાર્થમય છે.

ા પ્રમાણે ચાલતી ને, પ્રેમભાવ બનાવતી,
ીમ હૃદયે આપીને, શરીર સુખ અપનાવતી;
ા-ઉપભોગ લાલસાનો, સ્વાર્થ સંબંધ રાખતી,
પંથે જતાં તને શું ? જરાય આશ્રય આપતી ? ૨૮

મિત્રોની અસહાયતા.

ો અતિશય માન પાન, તેં મિત્રોને ખુશી કર્યા,
ા ગળામાં આપીને, ઉપહારથી રંજન કર્યા;
ય સાથી મિત્રો તારા, અંત સમયે કયાં ગયા ?
ણુ સમયે સહાય કરવા, શું સમર્થ તેઓ થયા ? ૨૯

દ્રવ્ય પણ સહચારી નથી.

કરી બહુ જન તણી, અતિ દ્રવ્યનો સંચય કર્યો,
ર બનાવ્યા બંગલાને, માનથી હરખે ભર્યો;

મૃત્યુ વખતે વેદનામાં, ભાન કાંઈપણ નહીં રહે
રે ! એક પ્રભુ ગુણ ગાવના, મન આવશે ત્યારે અરે ! ૨

મૃત્યુ સમયનો ખુલ્લો હાથ.

સ્વજન્મની પરાધીનતાનો, ખ્યાલ કાંઈ આવે ખરો !
અન્ન વસ્ત્ર અને જીવન વિના તું, બાંધી મુઠ્ઠીએ હતો !
એ બંધ મુષ્ટિ સૂચવે છે, પુણ્ય સાથે અવતર્યો,
મૃત્યુ સમયે ખુલ્લા હાથે, પુણ્યથીજ તું પરવર્યો. ૩

એકલા જવાનું છતાં મમત્વ કેમ ?

પ્રત્યેક સમયે અસંખ્યજીવો, મૃત્યુને વશ થાય છે,
પરાધીન ને પામર બની, બહુ બહુ રીતે રિબાય છે;
આવાજ તારા ભાવિને, જાણેજ છે મનમાં ખરે !
પણ દુઃખ-મૂળ મમત્વને, તજતો નથી બંધુ અરે ! ૩

મોટા રાજાઓ પણ એકાકીજ ગયા

નીતિ તણા ભંડાર અને, સુકીર્તિ રૂપ ભોજ ભૂપતિ,
પરદુઃખ ભંજન વીર વિક્રમ, થયા રિપુનાં દળ દમી;
અન્યાયના જે કાળ સરખા, શાહ અકબર જાણવા,
આવા મહારથીઓ ગયા પણ, નવ રહ્યા અહીં માણવા. ૩

(૫) પાંચમી અન્યત્વ ભાવના.

સંયોગિક સંબંધો.

કોણ હું ? આ જગતમાં ને, સ્થિતિ મારી આ કયારથી,
માતા પિતા અને પુત્ર બંધુ-નો બન્યો હું સારથી;
સંયોગ મારો શા નિમિ-ત્તે, એમની સાથે થયો !
એ તત્ત્વનો વિચાર કર, આ ભાવનામાં તું અરે.

થોડા વખતનો સંબંધ.

અશ્વ, ગાયો ને મહિષી, તે સહુએ તારાં નથી,
ાગ. હાટ, હવેલી ને, આ નોકરો તારાં નથી;
ા સૌની સાથમાં, તારો થયો છે ક્યારથી ?
વળી એ ક્યાં સુધી ? તે વિચાર તું, આજથી. ૩૫

દેહ-આત્માનો સંબંધ

ા જે દેખાય છે તે, દેહ આત્મ-રૂપે નથી,
ડ અને ક્ષણિક છે તે, માન તું નિશ્ચય થકી;
ત્મ શુદ્ધ ચૈતન્ય છે, સંબંધ થયો કર્મ સંયોગથી,
હને જીવ માનવાની; છોડ ભ્રાન્તિ વિવેકથી. ૩૬

ીરની દુર્બળતામાં આત્માની દુર્બળતા નથી.

વડે પીડિત તન જે દુર્બળ અતિશે થઇ ગયું,
શરીરને જોઈને; હે મૂઢ! રોયે શું થયું ?
સાથે જીવનો કોઇ, અંશ નાશ થતો નથી,
ર્ણ જ્યોતિ સ્વરૂપ, આત્મિક અંશ કોઇ જતો નથી. ૩૭

બહિરાત્મ ભાવનો ત્યાગ.

જન્મ, મૃત્યુને વળી, હાનિ વૃદ્ધિ જે થાય છે,
ભોગ ને સુખ દુઃખ સૌ, શરીરનાજ ગણાય છે;
કર્મ રૂપ પુદ્ગળતણા એ, વિકારો સહુ જાણવા,
ડ આત્મિક દ્રવ્ય જાણી, બાહ્યાત્મ ભાવ પિછાણવા. ૩૮

ાત્મામાં જન્મ મૃત્યુનો વ્યવહાર કેમ સંભવે છે ?

માં દેખાય છે તે; પુત્ર પિતાદિક તું નથી,
દિન. તારૂં સચ્ચિદાનંદ. અખંડ રૂપ જતું નથી;

[illegible]

મારૂં કોઈ નથી અને હું કોઈનો નથી.

અનેક [illegible] રૂપી શરીરો, આ જીવે લીધા [illegible]
[illegible] કોઈ સાથે [illegible] ના, [illegible] કર્મ વિપા[illegible]
સ્વરૂપ સમજી મમત્વ મૂકી, [illegible]
મારૂં નથી કોઈનો નથી હું, એ વિચાર પ્રમાણે[illegible]

(૬) છઠ્ઠી અશુચિ ભાવના.

નાશવંત શરીર.

[illegible]ા ક્ષણિક નશ્વર દેહનું, જે બાહ્ય રૂપ દેખાય છે,
[illegible]સાર શરીર સ્વરૂપમાં, હે મિત્ર ! શું લોભાય છે!
[illegible]દશ્ય રોગોથી ભરેલું. સહસ્ર વ્યાધિનું સ્થાન છે,
[illegible]ધ એવા શરીરને, મનોહર કહેવું અજ્ઞાન છે.
આ શરીરમાં મોહ ઉપજાવે એવી કઈ ચીજ છે!
[illegible]લું છે ચર્મથી એ, હાડ સ્નાયુનું જ પાંજરૂં,
[illegible]ી લોહીને માંસે ભરેલું, મળ-મૂત્રનું છે બારણું,
[illegible]ી અને કફ પિત્ત, પૂરણ, નસોની જે જાળ છે,
[illegible]ા અશુચિ શરીર પર, જે મોહ એ અજ્ઞાન છે.

શરીરના અવયવો પણ મલીન છે.

ં વળે ચીપડાંને, રસી વહે છે કાનમાં,
ાળને દુર્ગંધી પણ, દેખાય છે મુખ-સ્થાનમાં
ન્દ્રિય જે નાક છે, ત્યાં સળેખમ લીંટ થાય છે,
શરીરમાં ઉચ્ચતર કોઇ, તત્ત્વ શું દેખાય છે! ૪૪

જીભ અને હોજરીની રચના.

ત પાચક હોજરીનું, ખરે! બીભત્સ સ્વરૂપ છે,
મ અને મળમૂત્રવાળું, ચમાર કુંડનું રૂપ છે;
સેન્દ્રિય જે જીભ છે તે, માંસનીજ કોથળી બની,
ાઇ જ અંશ આ શરીરનો, સુંદર દેખાતો નથી. ૪૫

શરીરના ભયંકર રોગો.

ખસ, ખરજવા, હરસ, સોજા. ને વિસ્ફોટક પણ થાય છે,
અતિસાર, ઊલટી, કોઢ, ખાંસી, શૂળથી રીબાય છે;
તાવ, શ્વાસ, ક્ષય, મૂત્રાશયની, વેદના વેદાય છે,
તેરોગ વ્યાપ્ત શરીરને, રે! રમ્ય શું કહેવાય છે? ૪૬

શરીરની અપવિત્રતા

ારીર સંગે સરસ ભોજન, મળ સ્વરૂપ બની જાય છે,
ક્ષણ વારમાં દુર્ગંધ અને, કીડા કૃમિ ઊભરાય છે;
મેલાં થતાં બહુ મૂલ્યવાળાં, વસ્ત્ર પણ જે સ્પર્શથી,
એવા મલિન આ દેહને, સુંદર કહેવું શા થકી? ૪

ચક્રવર્તી રાજકુમારનું શરીર.

અતિ પ્રશંસા ઇંદ્રે જેની, દેવ પરિષદમાં કરી,
સુંદર મનોહર સ્વરૂપની, ચક્રી સનત્ ચોથા તણી,

આશ્રવનો ચોથો ભેદ કષાય.

બીકથી પણ ચોર લોકો, રાત્રિમાં ધનને હરે
હાથી જનને જોઈને જંગલ અને રણમાં દમે;
કષાયો તો રાત્રિ દિવસ, સર્વ પ્રદેશો એ ભળે,
કુકર્મો કરાવી જીવની, સર્વ શકિતને હરે. ૫૩

આશ્રવનો પાંચમો ભેદ યોગ.

ત વૃષ્ટિમાં નદી પૂરને રે! કોઇ રોકી ના શકે,
ત સંયમ બહુ પ્રવૃત્તિમાં, જીવને કેમ સાંપડે?
ાં સુધી મન વચન કાયનું, યથા પ્રવર્તન ચાલશે,
તણા પ્રવાહનો અંત, ત્યાં સુધી નહીં આવશે. ૫૪

આશ્રવ અને કર્મબંધનો-કાર્ય.

કારણ ભાવ.

ેક આત્માના પ્રદેશો, અસંખ્યાત ગણાય છે,
પ્રતિ પ્રદેશે અનંત અનંત, કર્મબંધ બંધાય છે;
જાં કેશાં કદી કારણો તે, બંધના નહિ માનવા,
થ્યાત્વ જેમાં મુખ્ય છે, તે પાંચ કારણ જાણવા ૫૫

પાંચે આશ્રવના વિશેષ પ્રકારો.

કુલ (૮૨) બ્યાસી.

કેલા અને ચોથા તણા ભેદો પચીશ ગણાય છે,
ાશ્રવ બીજાના ભેદ ગણતાં, બાર સંખ્યા થાય છે;
ીજા તણા પ્રકાર ગણતાં, પાંચજ નકકી જાણવા,
ાંચમાના મળી ભેદ પંદર, કુલ બ્યાશી ધારવા ૫૬

ક્રિયાઓ કીર્તિ આદિ, લોભથી જે કરાય છે,
ાલસાના કારણે મધ્યમ પ્રકાર મનાય છે; ૭૦

નિર્જરાનાં બીજાં સાધનો.

પાકની નિર્જરાના. તત્ત્વને તું ઇચ્છશે,
ર્ય વિણ તું દુ:ખીઓને, અભય દાન આપશે;
ા સદ્ભાવથી વળી, ઉચિત્ત દાન દેતો હશે,
તર્વિશુદ્ધિના બળે તું, ભાવ શિખરે પહોંચશે. ૭૧

જ્ઞાન એજ નિર્જરાનું મુખ્ય સાધન છે.

ભાવે તપ તણી, કરણી કરે જે તપસ્વીઓ,
વર્ષના આ તપે જે, હણે કર્મના શત્રુઓ;
જનો ક્ષણ માત્રમાં, તે કર્મદળને તોડશે,
ર્જરાથી મોક્ષ લઇને, ભવ ભ્રમણને ફોડશે. ૭૨

જ્ઞાન અને ક્રિયા બંનેની જરૂર.

કરેલાં અનંત ભવનાં, કર્મનાં દળ જે હશે,
ડવા ઇચ્છા થશે તો, જ્ઞાન-ક્રિયાથીજ છૂટશે;
જળવિના અગ્નિવડે, શુદ્ધિ થતી નથી વસ્ત્રની,
ાન સહ ક્રિયાવિના, દળ કર્મનાં ખસતાં નથી. ૭૩

(૧૦) દશમી લોક ભાવના.

લોકની સ્થિતિ.

પુદ્ગળ ધર્માધર્મ, આકાશ કાળને જાણવો,
ન છે પડ્દ્રવ્યથી, તે લોકને પિછાણવો;
વ્ય પ્રદેશની અહીં જે લોક સંજ્ઞા જાણવી,
ા માંડેજ લોક સ્થિતિ ને, સર્વથા પિછાણવી. ૭૪

તપની ક્રિયાઓ કીર્તિ આદિ, લોભથી જે કરાય છે,
સુખ લાલસાના કારણે મધ્યમ પ્રકાર મનાય છે; ૭૦

નિર્જરાનાં બીજાં સાધનો.

કર્મ-વિપાકની નિર્જરાના. તત્ત્વને તું ઇચ્છશે,
ને સ્વાર્થ વિણ તું દુઃખીઓને, અભય દાન આપશે;
સુપાત્રને સદ્ભાવથી વળી, ઉચિત્ત દાન દેતો હશે,
તો આંતર્વિશુદ્ધિના બળે તું, ભાવ શિખરે પહોંચશે. ૭૧

જ્ઞાન એજ નિર્જરાનું મુખ્ય સાધન છે.

અજ્ઞાન ભાવે તપ તણી, કરણી કરે જે તપસ્વીઓ,
કરોડો વર્ષના આ તપે જે, હણે કર્મના શત્રુઓ;
જ્ઞાની જનો ક્ષણ માત્રમાં, તે કર્મદળને તોડશે,
જે નિર્જરાથી મોક્ષ લઇને, ભવ ભ્રમણને ફોડશે. ૭૨

જ્ઞાન અને ક્રિયા બંનેની જરૂર.

સંચય કરેલાં અનંત ભવનાં, કર્મનાં દળ જે હશે,
જો છોડવા ઇચ્છા થશે તો, જ્ઞાન-ક્રિયાથીજ છૂટશે;
જેમ જળવિના અગ્નિવડે, શુદ્ધિ થતી નથી વસ્ત્રની,
તેમ જ્ઞાન સહ ક્રિયાવિના, દળ કર્મનાં ખસતાં નથી. ૭૩

(૧૦) દશમી લોક ભાવના.

લોકની સ્થિતિ.

જીવ, પુદ્ગળ ધર્માધર્મ, આકાશ કાળને જાણવો,
અભિન્ન છે ષડ્દ્રવ્યથી, તે લોકને પિછાણવો;
આ દ્રવ્ય પ્રદેશની અહીં જે લોક સંજ્ઞા જાણવી,

મનુષ્ય ભવની પ્રાપ્તિ.

એ રીતથી ભવ-ભ્રમણ કરતાં, અશુભ કર્મ ખરી ગયાં,
ને શુભ કર્મનો પાક મળતાં. પુણ્ય ઉદય આવી ગયાં;
ત્યારે મળ્યું માનવપણું આ જીવને શુભયોગથી,
જે હે ખરેખર! રત્નચિંતામણિ થકી અતિ કિંમતી. ૮

સુકુલ, જન્માદિ સંપત્તિ.

વિશિષ્ટ પુણ્યવિણ આર્ય દેશને ઉચ્ચ કૂળ મળતાં નથી,
વિશિષ્ટ પુણ્યવિણ ધર્મનાં, શુભ સાધનો જડતાં નથી;
વિશિષ્ટ પુણ્ય જો હોયતો સૌ ઇન્દ્રિયો પૂરી મળે;
વળી શાંત મન. સુંદર શરીર ને, દીર્ઘ આયુ સાંપડે ૮૫

સદ્ગુરૂ-સમાગમ.

પૂર્વ ભવના પુણ્ય યોગે, સાધનો કદી સાંપડયાં,
પણ સદ્ ગુરુના યોગ વિણ, એ સાધનો શા કામના;
રે! રે! અતિ દુર્લભ દીસે, સદ્ગુરૂ તણો સમાગમ અહીં,
સંપૂર્ણ પુણ્ય વિણ ત્યાગીનો, એ યોગ કદી મળશે નહી ૮

શ્રવણ અને બોધિની દુર્લભતા.

જેના શ્રવણથી શાંતિની, લહેરો જીવોને ઉપજે,
એ વીતરાગની વાણીનું શ્રવણ, આ જીવને દુર્લભ દીસે;
વળી તે થકી વિશેષ દુર્લભ, બોધ-પ્રાપ્તિ જાણવી,
જે [illegible] (ની) કર્મની, લઘુતા વિના મળતી નથી ૮

[illegible] કરતાં બોધિ રત્નની દુર્લભતા

[illegible], [illegible], [illegible], અનુકૂળ પણ વળી સાંપડે,
[illegible] પણ, [illegible] આવી મળે,

પણ એ બધાથી અતિ મુશ્કેલ, બોધિ-રત્ન ગણાય છે,
એકવાર પ્રાપ્તિ થાય તો, સંસાર પાર તરાય છે. ૮૮

અગીઆરમી ભાવનાનો ઉપસંહાર.

સંસાર રૂપ અટવી મહીં, ભમતા અતિ દુઃખ ભોગવ્યા,
વળી 'કાગ તાલીય' ન્યાય થી, અનુકુળ સાધન સાંપડયાં;
તો પણ અરે તું મૂર્ખ! માયા મોહમાં લપટાઈ રહ્યો,
ને હસ્ત પ્રાપ્ત ચિંતામણિને, (શું?) સમુદ્રમાં ફેંકી રહ્યો. ૮૯

(૧૨) બારમી ધર્મ ભાવના.

ધર્મનું સ્વરૂપ.

જેના વડે સહુ રિદ્ધિઓને, સિદ્ધિઓ આવી મળે,
વળી આત્મશુદ્ધિ જીવને, જે વસ્તુથી નકકી સાંપડે;
તે ધર્મના સ્વરૂપનો તું, વિચાર કર હે માનવી!
ને પક્ષપાત વિણુ તત્ત્વ બુદ્ધિ, એ ધર્મરીત પિછાણવી. ૯૦

ધર્મની પરીક્ષા.

"હું કરૂં તેજ સત્ય" એવું, દુરાગ્રહી વદતા સદા,
ને "અન્યનું અસત્ય છે," મતવાદીઓ એમ માનતા;
કદાગ્રહ તણા એ શબ્દમાં, વિશ્વાસ કદી ન રાખવો,
સ્વબુદ્ધિએ પરીક્ષા કરીને, પક્ષપાત વિચારવો. ૯૧

કેવા પુરૂષોનો બતાવેલો ધર્મ યુકત ગણાય?

રાગ-દ્વેષથી જે મુકત છે, વળી સ્વાર્થ પણ કિંચિત નથી,
મમતા તણો પણ ભાવ જેને, લેશ માત્ર થતો નથી;
એવાજ નિર્વિકારી જનોનું, કથન 'ધર્મ' મનાય છે,
જે સત્ય, પથ્ય ને હિતકારક તેજ ધર્મ ગણાય છે. ૯૨

વું નામ 'સ્વભાવ' છે. મુક્ત આત્માઓને તે નિમિત્તનો આત્યંતિક
ાશ થયો હોવાથી, પરભવમાં તેમને પરિભ્રમવું પડતું નથી;
ાથી તેઓ કાળના અંત સુધી મુક્ત છે.

આત્મા અને કર્મનો સંયોગ અનાદિ છે. "સંયોગ" એ
શબ્દ આ સ્થળે વ્યવહારનાં વ્યતિકરોની માફક આદિને સૂચનાર
થી. વ્યવહારમાં સામાન્ય રીતે સંયોગ શબ્દ, પૂર્વ વિયોગને
લક્ષીને વપરાય છે. અર્થાત્ જ્યારે પ્રથમ બે વસ્તુઓ નિરાળી
અવસ્થામાં હોય અને પાછળથી તે ભેગી થાય ત્યારે તે સંયોગ
પામી ગણાય છે. પ્રથમ વિયોગ હોય તો જ સંયોગ થાય, એવું
વ્યવહારમાં જોવામાં આવે છે; પણ કર્મ અને આત્માના સંયોગમાં
એવું નથી. સંયોગ શબ્દ આવા સ્થળે જુદીજ અપેક્ષાએ વપરાય
છે. આત્મા અને કર્મ ભિન્ન છે-અને એ ભિન્નતાને સૂચવવા અર્થેજ
સંયોગ શબ્દની સફળતા છે. આત્મા, જ્ઞાતા-દ્રષ્ટા છે; ઇન્દ્રિયાતીત,
અમૂર્તિક. સંકોચ-વિસ્તાર શક્તિ સહિત, અસંખ્યાત પ્રદેશી એવું
એક દ્રવ્ય છે. તેથી ઉલટું કર્મ દ્રવ્ય એ પૌદ્ગલિક, સમૂર્ત-જડપિં
છે. તે ઉભય દ્રવ્યો અત્યંત ભિન્નસ્વભાવી છે. તે ઉભય એકપ્રદેશા
વગાહી હોવા છતાં પરસ્વભાવે નિરાળાં જ છે. આત્માનો એક પ
પ્રદેશ કર્મ રૂપ અને કર્મનો એક પણ પરમાણુ આત્મારૂપ થ
નથી. સોના અને રૂપાને એક પાત્રમાં ઓગાળી બન્નેનો ઢ
પાડ્યા છતાં સોનું એ પોતાના પીળાપણાના ગુણ સહિત રૂપ
શ્વેત ગુણથી ભિન્નજ રહે છે, અને તેજાબના પ્રયોગથી બન્
જુદા પાડી શકાય છે, તેવી રીતે આત્મા અને કર્મનો અ
એક ઢાળ પડી રહ્યો છે, છતાં સ્વભાવે ઉભય દ્રવ્ય પોતપોત
સ્વરૂપમાં જ છે. સર્વજ્ઞની દ્રષ્ટિએ તે ભિન્ન ભાસ્યા હોવાથી

કર્મનું આગમન કોને આભારી છે ?

આત્મા પોતાની રાગ દ્વેષરૂપ પરિણતિથી કર્મવર્ગણાને આકર્ષે છે. આત્માના સંસારપરિભ્રમણમાં હેતુભૂત માત્ર તેના રાગ-દ્વેષ જ છે. શરીરાદિ બાહ્ય સામગ્રી અથવા ધનકુટુંબાદિ વિભાવ 'બંધ' નું કારણ હોઇ શકતા નથી; જો બાહ્ય સામગ્રી બંધની નિયામક હોય તો આત્મા કદી સંસાર વિમુકત થઇ શકે નહીં, પરંતુ સદ્દભાગ્યે તેમ નથી. બંધનું નિયામક તે તે સામગ્રીમાં રહેલી 'મમત્વ ભાવના' જ છે. × × બાહ્ય સામગ્રીનો સંયોગ એ કર્મ બંધમાં મુદ્દલ હેતુ રૂપ નથી. કર્મનું આગમન તો તે પર્યાયોમાં મોહ અને મમત્વ બુદ્ધિવડે જ છે, જ્યાં સુધી તે બંધક પરિણામ વર્તે છે ત્યાં સુધી બાહ્ય સામગ્રીનો યોગ હોય કે ન હોય તોપણ કર્મોનું એકજ સરખી રીતે આત્મા પ્રતિ આવવું બની રહે છે; અને જો તે ભાવનો ક્ષય વર્તતો હોય તો બાહ્ય સામગ્રી ગમે તેટલા વિપુલ પ્રમાણમાં હોય તો પણ તેને કશું જ અહિત કરવા સમર્થ નથી.

કર્મના ભેદ, પ્રકૃતિ અને પ્રદેશ.

કર્મના ત્રણ ભેદ કલ્પેલા છે; 'ભાવકર્મ' 'દ્રવ્ય કર્મ'; અને 'નોકર્મ'. ભાવકર્મ એ આત્માના રાગદ્વેષ રૂપ પરિણા છે. દ્રવ્યકર્મ એ પુદ્દગલનો વિકાર છે ને તે રાગદ્વેષ રૂપ ભા વડે આકર્ષાઇ આત્મા સાથે એકક્ષેત્રાવગાહ બની જાય છે. અ નોકર્મ, તે ઉપરોકત ઉભય કર્મની આધારભૂમિ છે. જૈનકવિકુલ મણિ શ્રી બનારસીદાસજીએ આ ત્રણે કર્મની વ્યાખ્યા એક દુહામાં આપી છે:—

જ્ઞાનરૂપ ભગવાન શિવ, ભાવકર્મ ચિત્ત ભ્રમ;
દ્રવ્ય કર્મ તન કાર્મણ, યહ શરીર નોકર્મ.

જ્ઞાનથી અભિન્નભાવે વર્તવું એવું શ્રી પ્રભુનું સ્વરૂપ છે. ત્તનો ભ્રમ–વિભાવ દશા એ ભાવકર્મ છે. કાર્મણ શરીર-કર્મના માણુઓનો સમૂહ એ દ્રવ્યકર્મ છે અને આ શરીર એ નોકર્મ. જે દ્રવ્ય ભાવકર્મના પરિણમનમાં ઉપકારક છે, તે નોકર્મ જેમ ઇન્દ્રિયોના પ્રવર્તનમાં મન ઉપકારક હોવાથી તેને ઇન્દ્રિય—છઠ્ઠી ઇન્દ્રિય તરીકે શાસ્ત્રકારે સ્વીકારેલું છે, તેવી જ તે શરીરને કર્મના પ્રવર્તનમાં ઉપકારક સમજી તેને નોકર્મરૂપ ીકારેલું છે. શરીર અને મન એ, નામકર્મ, જે 'અઘાતી કોટી'ના રમાંનું એક છે, તેના ઉદયથી પ્રાપ્ત થયેલું છે; અને તેની ષ્ટાના નિમિત્તથી આત્મપ્રદેશમાં ચાંચલ્ય ઉપસ્થિત થાય છે. ીર અને મન એ એકક્ષેત્રવ્યાપી હોવાથી તે બેમાંથી કમાં ચાંચલ્ય પ્રગટ થતાં આત્મામાં તે પ્રતિધ્વનિત ય છે અને તે પ્રકંપ અથવા આંદોલનવડે પુદ્ગલ-ર્ગણા આત્મા પ્રતિ આકર્ષાય છે. આ વ્યતિકરને જૈન પરિભાષામાં ોગ પ્રવૃત્તિ' ની સંજ્ઞા આપવામાં આવી છે. કોઈ પણ કષાય હિત, મન અને શરીરના ચાંચલ્યવડે આત્મામાં ઉપસ્થિત થતું ુરણ એ સામાન્યતઃ 'યોગ' છે આ યોગપ્રવૃત્તિના નિમિત્તથી લિત આત્મા અનંત કર્મપરમાણુઓ આકર્ષે છે. ત્યાં જો ગનું અલ્પપણું હોય તો પ્રમાણમાં કર્મપરમાણુઓનું આગમ ન હોય છે અને અતિ પ્રમાણમાં હોય તો કર્મગ્રહણ પણ ધિક હોતા રહે છે. એક સમયમાં ગ્રહણ થયેલી ર્મવર્ગણા, આયુષ્યકર્મ બાદ કરી બાકીનાં સાત કર્મ ને તેની ઉત્તર પ્રકૃતિઓમાં વહેંચાઈ જાય છે, અર્થાત્ તે પ્રકૃતિરૂપે પરિણમી જાય છે. જેમ આહાર રૂપે ગ્રહણ કરેલા [illegible] રસ-રક્ત-માંસ-મજ્જા-અસ્થિ-શુક્ર આદિ ધાતુઓ રૂપે પરિણમી જાય છે તેમ યોગ વડે આકર્ષાયેલી કર્મવર્ગણા

અને આત્માનો સંયોગ

...ઉત્તર કર્મપ્રકૃતિરૂપે તે તે વર્ગણાના સ્વભાવાનુસાર
...ણી થાય છે. જેમ કેટલાક પ્રકારના આહારોમાં આઠ
...માટે લાગે એવા રૂપ પરિણમવાળા, તો કેટલાકનો
...પરિણમવાનો વિશિષ્ટ સ્વભાવ હોય છે, તેમ અહીં પણ
...કર્મ વર્ગણામાં કેટલાકનો સ્વભાવ કોઈ વિશિષ્ટ પ્રકૃતિરૂપે
...ભાગે પરિણમવાના હોય છે. અર્થાત્ સમયપ્રબદ્ધ વર્ગણાના
...એક સરખા વિભાગ થઈ જાય છે એમ સમજવાનું નથી;
પરંતુ તે વર્ગણામાં જે વિશિષ્ટ સ્વભાવ હોય તે રૂપ મોટા ભાગે
પરિણમે છે, અને બાકીની પ્રકૃતિઓમાં ન્યૂન અંશભાગ ભાગે
...ખોરાકના આહારમાં વેદક દ્રવ્યો મોટે ભાગે પરિણમીને
...આપવાનો ગુણ રહેલો છે, અને માત્ર થોડો જ હિસ્સો
...માંસ આદિના પોષણમાં જાય છે, તેમ સમયપ્રબદ્ધ કર્મ વર્ગણા
...મોટે ભાગે કોઈ વિશિષ્ટ પ્રકૃતિરૂપે પરિણમી અન્ય અવશેષ
પ્રકૃતિઓમાં થોડો હિસ્સો જાય છે. એટલું વિશેષ કે, જે પ્રકૃતિ-
ઓનું યુગલપણું છે ત્યાં માત્ર તે બેમાંથી એકને જ હિસ્સો મળે
છે, કોઈ કર્મ એક સાથે હાસ્ય અને શોક, રતિ અને અરતિ એ
ઉભયમાં પરિણમતું નથી તેમજ ત્રણ વેદમાંથી પણ એક જ
રૂપે (અર્થાત્—સ્ત્રી. પુરુષ અથવા નપુંસક એમાંથી માત્ર એક
પે જ) પરિણમે છે. જે પ્રકૃતિઓ પરસ્પર વિરુદ્ધ છે ત્યાં તે
એકને જ હિસ્સો મળે. એ સમજવું સુલભ છે આયુષ્ય કર્મ
નામની જે પ્રકૃતિ છે તે આખા જીવનમાં એક જ વાર બંધાય છે
તેથી પ્રત્યેક સમયે ગ્રહાતા કર્મપુદ્ગલમાંથી આયુષ્ય પ્રકૃતિને ફ
ફાળો મળતો નથી, આ પ્રમાણે યોગ્ય વડે થતા કર્મઆશ્ર
પ્રમાણને 'કર્મપ્રદેશ' કહેવામાં આવે છે. અલ્પ પ્રમાણમાં યોગાશ્ર
કર્મપ્રદેશની ન્યૂનતા અને અતિ પ્રમાણમા યોગાશ્રવથી કર્મપ્ર
આધિક્ય થાય તે ... સમજાય તેમ છે. આ
વડે ગ્રહિત ... ઘટનાઓ ... ક્લિ

કર્મની ફળ શક્તિ.

યોગની શુભાશુભ પ્રવૃત્તિથી કર્મ પ્રકૃતિ (Nature) અને પ્રદેશ (Extent) નું સ્વરૂપ બંધાય છે. તે કર્મો કેટલા કાળ સુધી અને કેવું તીવ્ર અથવા મંદ ફળ આપશે તેનો આધાર આત્માના કષાયભાવ ઉપર રહેલો છે. 'કષાય' એટલે "મોહના ઉદયથી ક્રોધાદિક મિથ્યાત્વભાવ ઉપસ્થિત થવો તે." કષાયની વ્યાખ્યા આ પ્રમાણે થઈ શકેઃ—"આત્માના સ્વરૂપજ્ઞાન રૂપ સમ્યકત્વનો અને સ્વરૂપાચરણ રૂપ દેશચારિત્ર, સકલ ચારિત્ર અને યથાખ્યાત ચારિત્રનો રોધ કરે તે." ટુંકામાં એવી વ્યાખ્યા પણ થઈ શકે કે "ક્રોધ માન, માયા અને લોભ રૂપ આત્માના વિભાવ પરિણામો." પ્રકૃતિબંધ અને અનુભાગબંધ એ બે વચ્ચે જે સૂક્ષ્મ ભેદ છે તે એ છે કે પ્રકૃતિબંધનો કાર્ય પ્રદેશ માત્ર કર્મવર્ગણાનો આત્માની સાથે સંબંધ યોજવાનો છે, અને અનુભાગબંધનું કાર્ય એ કાર્મણ સ્કંધોમાં રહેલી ફળદાનશકિત વિસ્તારવાનું અને તે મુજબ આત્માને શુભાશુભ રસાસ્વાદ કરાવવાનું છે. જ્યારે આત્મા કષાયરહિતપણે માત્ર યોગથી જ કોઈ કાર્યનું સેવન કરે છે ત્યારે સ્થિતિ અને અનુભાગબંધને ત્યાં અવકાશ મળતો ન હોવાથી, યોગ માત્રથી ઉપાર્જન થયેલી પ્રકૃતિ અને પ્રદેશબંધ માત્ર શાતાવેદનીય કર્મ ગ્રહણ કરે છે; પણ જ્યારે તે યોગ કષાય વડે અનુરંજીત થયેલા હોય છે ત્યારે અનેક પ્રવૃત્તિઓનો બંધ વિવિધ અનુભાગ અને સ્થિતિ સહિત થયા વિના રહેતો નથી. આત્મા સાથે બંધાયેલી કર્મ પ્રકૃતિ જ્યાં સુધી ફળ આપવાને તત્પર થતી નથી ત્યાં સુધીના કાળને અબાધાકાળ કહેવાય છે, અને તે અનુદય કાળમાં તે કર્મપ્રકૃતિમાં આત્મા પોતાની સ્વસત્તા વડે અપકર્ષણ (ન્યૌન્ય) ઉત્કર્ષણ (આધિક્ય) સંક્રમણ (સજાતીક ભેદ મટી અન્ય ભેદરૂપ થવું) કે [illegible]

(ફળ આપ્યા વિના કર્મોનું છૂટી જવું). કરી શકે છે. પણ એક વાર જ્યારે તે કર્મ, ફળ આપવાને ઉદયમાન થાય છે, ત્યારે તે પોતાનું સંપૂર્ણ ફળ, તેની નિયત સ્થિતિ અને અનુભાગ સહિત આપ્યા વિના રહેતું નથી. અને તે સ્થિતિ પૂરી થતાં સુધી પ્રતિ સમય તે તે પ્રકૃતિનો ઉદય આવ્યા જ કરે છે.

આત્મા તેની સાંપ્રત સ્થિતિમાં કષાયભાવ વિના એક સમય પણ રહી શકતો નથી. એક સમય પણ જો એ તદ્દન અકષાયી થાય તો, તે તે જ ક્ષણે કૈવલ્ય પ્રાપ્ત થાય. પરંતુ વ્યકત અથવા અવ્યકતપણે કષાયભાવ દશમા ગુણસ્થાનક સુધી છે અને ત્યાં સુધી અશુભ યોગવડે પાપાશ્રવ હોવાનું શાસ્ત્રોમાં કહ્યું છે. આ કષાય વડે આત્મા પ્રત્યેક સમયે આયુષ્યકર્મ છોડી સાત કર્મોનું ગ્રહણ કરે છે આયુષ્યબંધ આખા ભવમાં એક જ વાર થાય છે; અને જ્યારે તે થાય છે ત્યારે તે આખી જીંદગીમાં સેવેલા શુભાશુભ ભાવોના તારતમ્ય અનુસાર બંધાય છે. કષાયના બાહુલ્ય વડે પાપપ્રકૃતિની સ્થિતિનો બંધ ઘણો થાય છે અને કષાયના અલ્પત્વથી દેવ, મનુષ્ય સંબંધી આયુષ્યની સ્થિતિ લાંબી, અને બહુત્વથી અલ્પ બંધાય છે. ઘાતીકર્મની સર્વ પ્રકૃતિમાં અને અઘાતીકર્મની પાપપ્રકૃતિમાં કષાયના અલ્પત્વથી અનુભાગબંધ અલ્પ પડે છે, અને કષાયના બહુલપણાના યોગે ઘણો અનુભાગબંધ થાય છે. તે જ પ્રમાણે કષાયના ઓછાપણાથી પુણ્યપ્રકૃતિનો અનુભાગબંધ વધે અને બહુત્વથી ન્યૂન થાય છે. એ પ્રકારે કષાય વડે સ્થિતિ અને અનુભાગબંધનું સ્વરૂપ નિયમાય છે.

જ્યાં યોગનું અતિ ચાંચલ્ય અને કષાયનું અલ્પત્વ હોય છે ત્યાં સ્થિતિ અને અનુભાગબંધ ન્યૂન હોય છે પણ યોગવડે ઉપાર્જન થયેલી કર્મપ્રકૃતિનો પ્રદેશ ઘણો વિસ્તારવાળો હોય છે. કેમકે, પ્રદેશનો નિયામક યોગ છે. આપણા વ્યવહારના અનુભવમાં

કોઇ વ્યતિકરવિશેષનો
...એવું ઘણીવાર આપણે જોઈએ છીએ કે
...પ્રદેશવિસ્તાર અતિ વિપુલ હોવા છતાં તેની ફળદાયી અસર અને
સ્થિતિ નહિવત જ હોય છે. આભા વિસ્તામાં પ્રલય કરી નાખે
તેવા દેખાતાં અને તૂટી પડવાની અણી ઉપર દેખાતાં જબ્બર
વાદળો ઘણાં પ્રસંગે માત્ર થોડી ક્ષણ ઝરમર ઝરમર છાંટા નાંખી
વિખરાઈ જાય છે ત્યાં પ્રદેશ વિસ્તારવાળો હોવા છતાં ફળનું
તારતમ્ય અલ્પ જોવામાં આવે છે. શરીર સંબંધી વેદનીયના
પ્રસંગો પણ ઘણીવાર પ્રદેશબંધ ઘણા વિસ્તારવાળો જોવામાં આવે
છે, છતાં અનુભાગનું અલ્પત્વ જોવામાં આવે છે. અનેક પ્રસંગે
ઘણાને આખે શરીરે શીળીનાં ચાઠાં ઊઠી નીકળે છે. ત્યારે આમાં
શરીર ઉપર વેદનીય કર્મપ્રકૃતિનો પ્રદેશવિસ્તાર જોવામાં આવે છે,
પણ તેની સ્થિતિ ક્ષણિક અને વેદનીયની અતિ મંદતા—અર્થાત્
અનુભાગબંધ સ્વલ્પ હોય છે. એવા પ્રસંગે એમ સમજવાનું છે કે,
તે પ્રકારનું કર્મ ઉપાર્જતી વખતે માત્ર અશુભ યોગના ચાંચલ્યનું
બાહુલ્ય અને કષાયનું અલ્પત્વ હોવું જોઈએ. કેટલાક આસવો (મદીરા)
એવા હોય છે કે તે ઘણા પ્રમાણમાં પીવા છતાં માત્ર સહેજસાજ
ઉન્મત્તતા અને તે પણ થોડા કાળ સુધી જ ઉપજાવે છે. તે જ
પ્રમાણે ફળદાન શક્તિ અને સ્થિતિનું અલ્પ હોવું તેમાં હેતુરૂપ
તે તે કર્મ ઉપાર્જતી વખતે સેવેલું કષાયનું અલ્પત્વ છે.

તેથી ઉલટું જ્યાં કષાયનું બાહુલપણું અને યોગનું અલ્પત્વ
હોય છે ત્યાં. ફળદાન શક્તિ અને સ્થિતિનું તારતમ્ય અધિક
હોય છે. એક નાનીસરખી ફોલ્લી ઘણીવાર આખા શરીરમાં તીવ્ર
વેદના ઉત્પન્ન કરે છે. અને અનેક ઉપચાર કરવા છતાં વરસોના
વરસો સુધી મટતી નથી, ત્યાં પ્રદેશબંધનું અલ્પત્વ છતાં કષાયની
અધિકતાના બળે અનુભાગ અને સ્થિતિ ઘણી હોય છે ત્ય...
...માં નહીં જેવું છતાં ફળદાન શક્તિ અધિક હોય છે. જે...

(ફળ આપ્યા વિના કર્મોનું ખરી જવું). કરી શકે છે. પણ એક વાર જ્યારે તે કર્મ, ફળ આપવાને ઉદયમાન થાય છે, ત્યારે તે પોતાનું સંપૂર્ણ ફળ, તેની નિયત સ્થિતિ અને અનુભાગ સહિત આપ્યા વિના રહેતું નથી. અને તે સ્થિતિ પૂરી થતાં સુધી પ્રતિ સમય તે તે પ્રકૃતિનો ઉદય આવ્યા જ કરે છે.

આત્મા તેની સાંપ્રત સ્થિતિમાં કષાયભાવ વિના એક સમય પણ રહી શકતો નથી. એક સમય પણ જો એ તદ્દન અકષાયી થાય તો, તે તે જ ક્ષણે કેવલ્ય પ્રાપ્ત થાય. પરંતુ વ્યકત અથવા અવ્યકતપણે કષાયભાવ દશમા ગુણસ્થાનક સુધી છે અને ત્યાં સુધી અશુભ યોગવડે પાપાશ્રવ હોવાનું શાસ્ત્રોમાં કહ્યું છે. આ કષાય વડે આત્મા પ્રત્યેક સમયે આયુષ્યકર્મ છોડી સાત કર્મોનું ગ્રહણ કરે છે આયુષ્યબંધ આખા ભવમાં એક જ વાર થાય છે; અને જ્યારે તે થાય છે ત્યારે તે આખી જીંદગીમાં સેવેલા શુભાશુભ ભાવોના તારતમ્ય અનુસાર બંધાય છે. કષાયના બાહુલ્ય વડે પાપપ્રકૃતિની સ્થિતિનો બંધ ઘણો થાય છે અને કષાયના અલ્પત્વથી દેવ, મનુષ્ય સંબંધી આયુષ્યની સ્થિતિ લાંબી, અને બહુત્વથી અલ્પ બંધાય છે. ઘાતીકર્મની સર્વ પ્રકૃતિમાં અને અઘાતીકર્મની પાપપ્રકૃતિમા કષાયના અલ્પત્વથી અનુભાગબંધ અલ્પ પડે છે, અને કષાયના બહુલપણાના યોગે ઘણો અનુભાગબંધ થાય છે. તે જ પ્રમાણે કષાયના ઓછાપણાથી પુણ્યપ્રકૃતિનો અનુભાગબંધ વધે અને બહુત્વથી ન્યૂન થાય છે. એ પ્રકારે કષાય વડે સ્થિતિ અને અનુભાગબંધનું સ્વરૂપ નિયમાય છે.

જ્યાં યોગનું અતિ ચાંચલ્ય અને કષાયનું અલ્પત્વ હોય છે ત્યાં સ્થિતિ અને અનુભાગબંધ ન્યૂન હોય છે પણ યોગવડે ઉપાર્જન થયેલી કર્મપ્રકૃતિનો પ્રદેશ ઘણો વિસ્તારવાળો હોય છે. કેમકે, પ્રદેશનો નિયામક યોગ છે. આપણા વ્યવહારના અનુભવમાં

પણ એવું ઘણીવાર આપણે જોઈએ છીએ કે કોઈ વ્યતિકરવિશેષનો પ્રદેશવિસ્તાર અતિ વિપુલ હોવા છતાં તેની ફળદાયી અસર અને સ્થિતિ નહિવત્ જ હોય છે. આખા વિશ્વમાં પ્રલય કરી નાખે તેવા દેખાતાં અને તૂટી પડવાની અણી ઉપર દેખાતાં જળભર વાદળો-ઘણાં પ્રસંગે માત્ર થોડી ક્ષણ ઝરમર ઝરમર છાંટા નાંખી વિખરાઈ જાય છે ત્યાં પ્રદેશ વિસ્તારવાળો હોવા છતાં ફળનું તારતમ્ય અલ્પ જોવામાં આવે છે. શરીર સંબંધી વેદનીયના પ્રસંગો પણ ઘણીવાર પ્રદેશબંધ ઘણા વિસ્તારવાળો જોવામાં આવે છે, છતાં અનુભાગનું અલ્પત્વ જોવામાં આવે છે. અનેક પ્રસંગે ઘણાને આખે શરીરે શીળીનાં ચાઠાં ઊઠી નીકળે છે. ત્યારે આખાં શરીર ઉપર વેદનીય કર્મપ્રકૃતિનો પ્રદેશવિસ્તાર જોવામાં આવે છે, પણ તેની સ્થિતિ ક્ષણિક અને વેદનીયની અતિ મંદતા—અર્થાત્ અનુભાગબંધ સ્વલ્પ હોય છે. એવા પ્રસંગે એમ સમજવાનું છે કે, તે પ્રકારનું કર્મ ઉપાર્જતી વખતે માત્ર અશુભ યોગના ચાંચલ્યનું બહુત્વ અને કષાયનું અલ્પત્વ હોવું જોઈએ. કેટલાક આસવો (મદીરા) એવા હોય છે કે તે ઘણા પ્રમાણમાં પીવા છતાં માત્ર સહેજસાજ ઉન્મત્તતા અને તે પણ થોડા કાળ સુધી જ ઉપજાવે છે. તે જ પ્રમાણે ફળદાન શક્તિ અને સ્થિતિનું અલ્પ હોવું તેમાં હેતુરૂપ તે તે કર્મ ઉપાર્જતી વખતે સેવેલું કષાયનું અલ્પત્વ છે.

તેથી ઉલટું જ્યાં કષાયનું બહુલપણું અને યોગનું અલ્પત્વ હોય છે ત્યાં, ફળદાન શક્તિ અને સ્થિતિનું તારતમ્ય અધિક હોય છે. એક નાનીસરખી ફોલ્લી ઘણીવાર આખા શરીરમાં તીવ્ર વેદના ઉત્પન્ન કરે છે. અને અનેક ઉપચાર કરવા છતાં વરસોનાં વરસો સુધી મટતી નથી, ત્યાં પ્રદેશબંધનું અલ્પત્વ છતાં કષાયની અધિકતાના બળે અનુભાગ અને સ્થિતિ ઘણી હોય છે ત્યાં ...ાં નહીં જેવું છતાં ફળદાન શક્તિ અધિક હોય છે. જેમ

[illegible]

સ્થિર કરી [illegible] મનોયોગ શિથિલ બન્યો અને તેમના આત્મા [illegible] તેમને એવો ખ્યાલ આવ્યો કે પોતાના બાળકનું રાજ્ય દુશ્મને છીનવી લીધું છે અને તેથી તેઓ તેમના ઉપર [illegible] ધાયા છે. શરીર તો સ્મશાનમાં શમાધીભાવને રહેલું છે, પણ આત્મા રણસંગ્રામે ચઢ્યો અને અત્યંત કષાયથી દુશ્મનોનો પરાભવ કર્યો. કષાયભાવ એટલી હદે વધી ગ[યો કે] તેમણે સાતમી નરકમાં જવા જેટલાં પાપકર્મનાં દળીયાં [એકઠાં] કરી સત્તામાં રાખ્યાં, અને તે પાપકર્મ ઉદય આવતા સુ[ધી] જો તેઓ ન ચેત્યા હોત તો જરૂર તેઓને તેનું ફળ મળ્યું [હોત]. પણ તે વીર્યવાન આત્માએ પોતાનું પરવશપણું જાણી અને પોતાનું સ્વત્વ પાછું મેળવી તે કર્મના સ્કંધોના સ[ત્તામાં] ઉદયભાવી ક્ષય કરી નાખી પોતાનું પરમ કર્તવ્ય બીજી જ [ક્ષણે] સિદ્ધ કર્યું. હવે ત્યાં યોગનું અલ્પત્વ તો સ્પષ્ટ જ હતું, [પણ] કષાયનું એવું બહુત્વ હતું કે એક ક્ષણમાં સાતમી નરકે જ[વા જેટલી] સ્થિતિ મેળવી લીધી આ સર્વથી એ જ ફલીત થાય છે કે [યોગ] વડે પ્રકૃતિ અને પ્રદેશબંધ, તથા કષાય વડે અનુભાગ અ[થવા] રસબંધ અને સ્થિતિબંધ નિર્માય છે. તેથી કર્મબંધમાં મુખ્ય[પણે] કષાય એ પ્રધાન હેતુ છે.

પુનરૂકતિ દોષ વ્હોરી લઈને આની આ જ વાતને [વધુ] વિસ્તારથી કહીશું. ઘણા મનુષ્યો રાત દિવસ મનમાં ને મ[નમાં]

ર્કવિતર્કના તાંતણા વણતાં અને વીખેરતા હોય છે અથવા સહેજ-
સાજ પ્રસંગોમાં ઘણું બોલી બાળવાની ટેવવાળા હોય છે. તેમજ
બેચેનીને લીધે અથવા ગમ્મત ખાતર ઘડીવાર જંપીને ન બેસતાં
અહીંથી તહીં ભમ્યા કરતા હોય છે. આવા મનુષ્યોના મન-વચન
અને શરીરના યોગનું ચાંચલ્ય ઘણું જોવામાં આવે છે, પણ તે
યોગમાં કષાયનું બાહુલ્ય હોતું નથી. તેઓ બીચારા ભોળાભાવે
અહોનિશ યોગ પ્રવૃત્તિ કર્યા કરતા હોય છે. તેમનું મન અનેક
ઉથલપાથલોની જંજાળમાં ગુંચાયલું હોય છે, છતાં ત્યાં તેમનો
બહુ રાગભાવ નથી હોતો. માત્ર પ્રમાદ, અનુપયોગ અને અસંયમી-
પણાને લીધે તેમનું મન જુના ચીલાઓમાં મુસાફરી કરતું જ
રહે છે પણ ત્યાં તેમને ઊંડો સ્નિગ્ધ મોહભાવ હોતો નથી. આવા
મનુષ્યો માત્ર અશુભ યોગવડે બંધાવા યોગ્ય કર્મ વડે કર્મપ્રકૃતિઓ
ઉપાર્જે છે, પણ કષાયના અલ્પત્વને લીધે પ્રદેશના પ્રમાણમાં
સ્થિતિ અને રસ-બંધ હોતો નથી. તેથી ઊલટું, ઘણા મનુષ્યો
થોડા યોગ સાથે એવા તીવ્ર કષાયને ભેળવે છે કે તેમની ઉપા-
ર્જેલી કર્મપ્રકૃતિમાં પ્રદેશબંધના પ્રમાણમાં અનુભાગ અને
સ્થિતિબંધ, માની પણ ન શકાય તેટલો તીવ્ર અને ચિરસ્થાયી
હોય છે. વ્યવહારમાં વિજય પામેલા ઘણા મનુષ્યો એવો યુક્તિવાળો
આડંબર રાખી શકે છે કે તેમના ઊંડા-ચીકણા અને પાકટ ભાવ
કોઈના સમજવામાં પણ ન આવી શકે. તેમના ક્રોધ-માન-માયા
અને લોભની આંતરિક લાલસાઓ ઘણી પ્રબળ હોય છે અને
તેમની છાતીની ભીતર છુપાવેલાં રાગદ્વેષનાં ખંજરો એવાં અણીદાર
[illegible] પોતાના કાર્યને માટે માત્ર તકની
બાહ્ય દેખાવમાં તો સરિતાના કોઈ
શાણા બગલા જેવા, વાણી અને
ક જણાય છે. પ્રાકૃત સમાજ આવા

[illegible]

[illegible] ત્યારે [illegible] નથી.
દૃગશક્તિ આત્માના [illegible] ઉપર જ અવલંબીને રહે છે. મનુષ્ય
દોડતો હોય અથવા આસન મારીને બેઠો હોય તો [illegible] તે
સત્તાનું લક્ષ નથી, તે તો ફક્ત જ જુએ છે કે આત્મા કષાય
ભાવની જોડે કેવો સ્નિગ્ધ અને વિમુખ બન્યો છે.

આપણો સમાજ હજી કષાયના સ્વરૂપ સંબંધે બહુ અજ્ઞાન છે, અને તેથી તેના મહત્ત્વનું તેને ભાન નથી. તેનું યથાયોગ્ય જ્ઞાન સમાજના નીતિના ધોરણને દ્રઢ અને સુઘટિત રાખે છે અને જ્યારે તેના સ્વરૂપ સંબંધી અજ્ઞાન હોય છે ત્યારે ગમે તેવા આંતરિક કષાય સેવવાથી તેઓ ડરતા નથી. આપણા વર્ગનું લક્ષ બાહ્ય યોગ પ્રવૃત્તિના સંકીર્ણ પ્રદેશમાં જ હાલ ગુંચવાઈ ગયું છે. તેઓ યોગપ્રદેશને સંકોચવામાં મોટો લાભ કલ્પે છે અને યોગપ્રવૃત્તિના નિરોધને જ સર્વસ્વ ગણે છે. પણ તેમના નિત્ય વ્યવહારમાં તેઓ કેવો તીવ્ર કષાય સેવે છે, પ્રબળ રાગદ્વેષ કરે છે, તેનું ભાન સરખું પણ તેઓને હોતું નથી. તેવા યોગસંકોચના પરિણામે પ્રદેશબંધ ન્યૂન બંધાય છે, એ વાતની ના નથી, પણ અનુભાગ અને સ્થિતિબંધ પ્રબળપણે બંધાય છે. મનુષ્યો યોગના સંકોચ ઉપર જેવું લક્ષ આપે છે તેવું કષાય સંકોચ ઉપર આપતા થાય તો, મોક્ષનગર જે હાલ [illegible]

દૂર રહ્યું છે તે નજીકમાંજ આવે. મનુષ્ય તેના નિત્યના વ્યવહારમાં, કેટલું અસત્ય-કપટ-પ્રતારણા-વિશ્વાસઘાત-છળ-પ્રપંચ અને દગો સેવે છે તેનું માપ તે ભાગ્યે જ કરી કાઢે છે. શાસ્ત્રોમાં, સ્થૂળ હિંસા કરતાં આ હૃદયગત સૂક્ષ્મ હિંસા-આત્મહિંસા એ જ મહાન પાપની હેતુરૂપે કથાયેલી છે એવું પ્રત્યેક આંતરિક આચરણ આત્માને સંસારના કીચડમાં ઊંડું ને ઊંડું ડુબાવતું ચાલે છે અને ઉદ્ધારની આશા પ્રત્યેક ક્ષણે ઓછી થતી ચાલે છે કષાય એ જ આત્મા ઊપરનો મેલ છે, અને તે મેલ જેમ ન્યૂન થતો જાય તેમ તેમ આત્મા નિર્મળ બનતો જાય છે. તેથી સુજ્ઞ પુરૂષો બાહ્ય યોગ અને પ્રવૃત્તિ કરતાં આત્મા જેમ બને તેમ અલ્પ રાગદ્વેષને સેવે તે ભણી અધિક લક્ષ આપે છે.

અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે કર્મની જડ વર્ગણા આત્માને કેવી રીતે ફળ આપી શકે ! કેવું ફળ કયારે આપવું તેનું જ્ઞાન જડને હોતું નથી તો તે તેની યથાયોગ્ય પ્રકૃતિ પ્રમાણે કેવી રીતે પરિણમી શકે ? આ શંકાનો પરિહાર આ રીતે થવા યોગ્ય છે:—

જડ પરમાણુને તેવા પ્રકારનું કશું જ જ્ઞાન હોતું નથી, પરંતુ કર્મની ફળગર્ભિતા આત્માની શકિત વડે જ બની આવે છે. કર્મમાં સ્વયં શકિત નથી, પણ આત્માની પોતાની જ છે, અને તેના કષાયભાવ વડે જ તે શકિત જડ કર્મ પરમાણુમાં ઊપજેલી હોય છે. વાસ્તવમાં કર્મોની ફળ-શકિત એ આત્માની પોતાની જ શકિત છે. સર્પનું વિષ જેને રોમેરોમ ચઢી ગયું છે એવા મનુષ્યો ઉપર મંત્રસિદ્ધ પુરૂષ મંત્રેલી કાંકરી નાંખી વિષનો પ્રતિકાર કરી શકે છે, ત્યાં જેમ કાંકરીમાં કશું જ બળ નથી, પણ કાંકરીમાં આરોપાયેલ મંત્રોના

